(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો)

અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ.

આંક–૦૪

(અ) કેસનો અનુક્રમ નંબર :– ૪૦૧૪૪/૧૭

(બ) ગુન્હો બન્યાની તારીખ :– ૩૦/૧૦/૧૭

(ક) ફરીયાદીનું નામ :– શ્રી સરકાર

(ડ) આરોપીઓના નામ અને સરનામું :– રાહુલ ઘનશ્યામભાઈ ગોદાની
રહે.આઈ–૪૦૨, શુભમ ગેલેક્સી, હરીદર્શન
રોડ, નિકોલ, અમદાવાદ.

(ઈ) ફરીયાદમાંનો આરોપ અથવા
સાબીત થયેલો આરોપી :– ઈ.પી.કોડની કલમ ૧૮૬

(ફ) આરોપીઓનો જવાબ અને તપાસણી :–

સવાલ – તમોને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી તેમાં જણાવેલ ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ – મને ગુનો કબુલ છે.

મારી રૂબરૂ,

તારીખ :– ૨૨/૦૪/૨૦૧૮.

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ.

(૧) આ કામમાં શાહીબાગ પો.સ્ટેશન ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ ૧૮૬ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ આંક–૦૩ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૦૪ થી પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

'' <u>હુ ક મ</u> ''

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ ધી ઈ.પી.કો. કલમ ૧૮૬ મુજબા ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– અંકેરૂપિયા એક સો પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨ (બે) દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૨૨/૦૪/૨૦૧૮
અમદાવાદ

**( બી. બી. પટેલ)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૨૯૨.